MAYOR OF LONDON

# Employment Rights Hub

લંડનને કામકાજ કરવા માટેનું ઉત્તમ સ્થળ બનાવવાના મેયરના વચનના ભાગ રૂપે અમે રોજગારના વિવિધ અધિકારો વિશે માહિતી, ઉપરાંત જો તમને કામ ઉપર મુશ્કેલી પડી રહી હોય તો શું કરવું તેની વિગતો પૂરી પાડીએ છીએ.

## ભાષાંતર ઉપર નોંધ

આ માર્ગદર્શિકા ઈંગ્લીશમાંથી તમારી ભાષામાં અનુવાદીત કરવામાં આવી છે. કેટલીક સામગ્રીઓ જે અમે જોડેલી છે તે માત્ર ઈંગ્લીશમાં જ ઉપલબ્ધ છે. જો તમારે તે વાંચવી હોય, તો ગૂગલ ટ્રાન્સલેશન એવી સેવા પ્રદાન કરે છે જ્યાં તમે સંપૂર્ણ વેબપેજનું ભાષાંતર કરી શકો. એક વેબ બ્રાઉઝર ખોલો અને translate.google.com પર જાઓ. ડાબી બાજુના ખાનામાં, તમારે જે વેબસાઈટ જોવી હોય તે આખી URL ( http:// સાથે) ટાઈપ કરો. જમણી બાજુ તમારે જે ભાષામાં વેબસાઈટ જોવી હોય તે પસંદ કરો. ભાષાંતરિત વેબસાઇટ દેખાશે, અને જ્યાં સુધી

તમે ગૂગલ ટ્રાન્સફર ઇંટરફેસની અંદર રહો ત્યાં સુધી તમે સાઇટ પરની લિંક્સને ક્લિક કરીને તે ભાષામાં આખી વેબસાઇટ બ્રાઉઝ કરી શકો છો.

કૃપા કરીને ધ્યાન રાખશો કે કે ગૂગલ ટ્રાન્સલેશન સેવા 100% સચોટ નથી, અને કાનૂની માહિતીના સચોટ અનુવાદ માટે તેના પર આધાર રાખી શકાતો નથી. જો તમારે કોઈ જટિલ સમસ્યા છે કે જેનો સમાવેશ આ દસ્તાવેજમાં નથી, તો સૌથી ઉત્તમ રસ્તો છે કે સામસામે મળી શકાય તેવા સલાહ કેંદ્રની મુલાકાત લો અથવા હેલ્પલાઇનને 0300 123 1100 પર કોલ કરો જે સોમવારથી શુક્રવાર સવારે 8 થી સાંજે 6 સુધી ખુલ્લી છે અને તમને કોઈ પણ ભાષામાં સહાય આપી શકે છે. એક ઈન્ટરેક્ટિવ નકશો અને સલાહ કેન્દ્રોની સૂચિ, કેંદ્રો ભાષાંતર સેવા પ્રદાન કરે છે કે કેમ તે વિશેની માહિતી નીચે ઉપલબ્ધ છે. જો તમારું સ્થાનિક કેંદ્ર ભાષાંતરની સેવા પૂરી ના પાડતું ના હોય તો, તમારા માટે  કોઈ મિત્ર અથવા કુટુંબના સભ્યને ભાષાંતર કરવા માટે લાવવાથી તમને ખૂબ રાહત રહેશે.

## રોજગારના અધિકારો શું છે?

યુ.કે. માં સરકાર દ્વારા બનાવેલ કાયદા છે જે કામ પર તમારું રક્ષણ કરે છે. આને **statutory employment rights (કાનૂની રોજગાર અધિકારો)** કહે છે. તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તે તમારા કરાર અથવા કરારના ભાગ રૂપે તમને વધારે અધિકારો આપી શકે છે. આને **contractual employment rights (વ્યાવસાયિક રોજગાર અધિકારો)** કહેવામાં આવે છે

## શું મને રોજગારના અધિકારો છે?

યુ.કે.માં જે કામ કરે છે તે દરેક રોજગારના કેટલાક અધિકારો ધરાવે છે. તમે ક્યાંથી આવો છો અથવા તમે કઈ નોકરી કરો છો તેનાથી કોઈ ફરક પડતો નથી.

તમારા કરારમાં (જો તમારી પાસે હોય તો) તમારા કરારના હક લખવા જોઈએ.  તમારા કાનૂની અધિકારોની સંખ્યા તમારી **employment status (રોજગારની સ્થિતિ)** જે કંઈ કહેવાય તેના પર આધાર રાખે છે. તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેની સાથે કરાર અથવા કરારના પ્રકાર દ્વારા આ નક્કી કરવામાં આવે છે.

# મને ચિંતા છે કે મારી ઇમિગ્રેશન સ્થિતિને કારણે મારી પાસે રોજગારના અધિકારો નથી

તમારી ઇમિગ્રેશન સ્થિતિ તમારા રોજગારના અધિકારો પર અસર કરી શકે છે.

જો તમને તમારી ઇમિગ્રેશન સ્થિતિ માટે સલાહ જોઈતી હોય તો અમે એક લીંક તૈયાર કરી છે interactive map and list of immigration and advice services.

જો તમારી No Recourse to Public Funds (NRPF) (પાસે સાર્વજનિક ભંડોળ (NRPF) નો આશરો નથી) અને તમને નાણાંકીય અને રહેઠાણની સહાયતાની જરૂર છે, the NRPF network tool તમને સરકાર તરફથી કેવી સહાય મળી શકે તે તપાસવામાં મદદ કરે છે.

જો તમે ઈ.યુ. નાગરિક છો અને અને બ્રેક્ઝિટ પછી યુકેમાં રહેવાની સલાહની જરૂર હોય,તો મેયરની ઈ.યુ. લંડનર્સ હબની EU Londoners Hub મુલાકાત લો.

## મારી રોજગારની સ્થિતિ શું છે?

રોજગારની સ્થિતીના મુખ્ય ત્રણ પ્રકાર છે:

1. Employee (કર્મચારી)
2. Worker (કામદાર)
3. Self-employed (સ્વ-સ્વજગારી)

તમારી રોજગારની સ્થિતિ શું છે તે નક્કી કરવું ખૂબ જ મુશ્કેલ હોઈ શકે છે - પરંતુ તે જાણવું ખૂબ જ મહત્વનું છે કે જેથી તમે સમજો કે તમને કયા અધિકારો છે.

તમે આના પર તમારી રોજગારની સ્થિતિ આના પર સમજી શકશો. Trades Union Congress (TUC) website. તે 13 તે 13 જુદી ભાષાઓમાં ઉપલબ્ધ છે. જુદી ભાષાઓમાં ઉપલબ્ધ છે.

Work Rights Centre ઉપર પણ તમારી રોજગારની સ્થિતિ અને તમને ક્યા હક્કો છે તેની મદદ મળી શકે છે.

## મને શું અધિકારો છે?

આ સહિતના વિવિધ રોજગાર અધિકારોની સંપૂર્ણ શ્રેણી પર અમે ઘણી ઉપયોગી માહિતી એક સાથે કરી લીધી છે:

- **સમાન રીતે વ્યવહાર થાય છે** - ભેદભાવ અને સતામણી, વ્હિસલ બ્લોઅર્સને રક્ષણ, Trade Union (ટ્રેડ યુનિયન)માં જોડાવાનો અધિકાર, આધુનિક ગુલામી
- **અધિકારો જ્યારે તમે તમારી નોકરી ગુમાવો છો** - રીડન્ડન્સી વેતન, અયોગ્ય બરતરફીથી રક્ષણ, સૂચનાના સમયગાળા અને પગાર, TUPE (Transfer of Undertakings (Protection of Employment)) (ધંધાના માલિક બદલાય અથવા ભાગીદાર ઉમેરાય) (રોજગારની સુરક્ષા)).
- **પે અને પેન્શન** -રાષ્ટ્રીય ન્યૂનતમ વેતન અથવા ગુજરાન જેટલું વેતન, તમારા પગારમાંથી ગેરકાયદેસર કપાત, વિગતવાર પગાર ચૂકવણી, કાર્યસ્થળ પેન્શન
- **પરિવારો અને માતાપિતા માટે અધિકારો**- પ્રસૂતિ માટે રજા અને પગાર, પિતૃત્વ રજા અને ચૂકવણી, મજીયારી પૈતૃક રજા અને પગાર, સ્વીકૃત રજાઓ અને પગાર

- **કામના કલાકો અને શરતો**- આરામનો સમય, આરોગ્ય અને સલામતી, સાનુકૂળ રીતે કામ કરવાની વિનંતીનો અધિકાર, કામના કલાકો
- **કામમાંથી સમયની છૂટ**- બિમારી માટેની રજા અને પગાર, વાર્ષિક રજા અથવા રજાનો પગાર, કટોકટી માટેનો સમય

## હું કામ પરની સમસ્યા માટે કેવી રીતે પગલાં ભરું?

જો તમને કામ પર કોઈ સમસ્યા આવી રહી છે તો તમારી જાતે તેનો હલ કાઢવા તમે ઘણી વસ્તુઓ કરી શકો છો. કેટલીક વસ્તુઓમાં તમે કડક સમય મર્યાદા રાખી શકો, તેથી ઝડપથી કાર્ય કરવું અગત્યનું બની શકે છે.

Citizens Advice has some good advice on their website (સીટીઝન એડવાઈઝ પાસે તેમની વેબસાઈટ પર કેટલીક ઘણી સારી સલાહો છે) કામ પરની સમસ્યાના હલ માટે તમે જે કંઈ પગલાં લઈ શકો તે વિશે .

ટ્રેડ યુનિયન કામકાજમાં સમસ્યાનો સામનો કરવામાં મદદ મેળવવાનો એક શ્રેષ્ઠ માર્ગનો એક ભાગ છે. સામાન્ય રીતે

યુનિયનો તમે જોડાયા પહેલા થઈ હોય તે સમસ્યામાં મદદ કરવા માટે સમર્થ નથી. **તમારા માટે યોગ્ય યુનિયન શોધો.**

જો તમે તમારી સમસ્યાનું જાતે સમાધાન કરવામાં સંઘર્ષ કરી રહ્યા હો તો એવી ઘણી જગ્યાઓ છે જ્યાં તમને વધુ સહાય મળી શકે છે.

સહકાર માટે તમે કોઈનો સંપર્ક કરો તે પહેલાં, શક્ય તેટલી માહિતી ભેગી કરવી એ મહત્વનું છે. જો બની શકે તો તમારી પાસે માહિતી છાપેલી હોય તો તે મદદરૂપ થઈ શકે. તે તમે તમારી સ્થાનિક લાઇબ્રેરી ખાતે કરી શકશો. તમને જરૂર પડી શકે છે તે બાબતોમાં શામેલ છે:

- તમને જે સમસ્યા થઈ રહી છે તેનું વર્ણન
- તમે અનુભવેલા ભેદભાવ અને હેરાનગતિની વિગતવાર સમયરેખા
- તમારા રોજગારના કરારની નકલ (જો તમારી પાસે હોય તો)

- તાજેતરની પે સ્લીપની નકલ (જો તમારી પાસે હોય તો)
- તમે અને તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેમની વચ્ચે તમને આવતી સમસ્યાને સંબંધિત કોઈપણ પત્રો અથવા ઇમેલ્સની નકલ
- તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેની સાથે તમને થયેલી સમસ્યા વિશેની કોઈપણ વાતચીતની વિગતો

## મને રોજગાર અધિકારો વિશે સામાન્ય સલાહ ક્યાંથી મળી શકશે?

### ટેલિફોન ઉપર કે ઈ મેલથી

- જો તમને રોજગાર અધિકારો વિશે વધારે સામાન્ય માહિતી જોઈતી હોય તો તમે Acas હેલ્પલાઈન **0300 123 1100** ઉપર ટેલિફોન કરી શકો છો. તે સોમવારથી શુક્રવાર સવારે 8 થી સાંજે 6 સુધી ખુલ્લું રહે છે, અને તમને કોઈ

પણ ભાષામાં સહાય આપી શકે છે. જો તમને સાંભળવામાં અથવા બોલવામાં કંઈ ક્ષતિ છે તો તમે તેમની ટેક્સ્ટ રિલે સેવાનો **18001 0300 123 1100** પર ઉપયોગ કરી શકો છો. તેઓ તમે જેની માટે કાર્ય કરો છો તેની સાથેની સમસ્યાનું સમાધાન કરવામાં પણ તમારી સહાય કરી શકે છે. તેને મધ્યસ્થી કહેવામાં આવે છે.

- જો તમે વિકલાંગ છો અને તમને તમારા રોજગાર અધિકારો વિશે સલાહ જોઈતી હોય તો તમે ડિસેબિલિટી લો સર્વિસ (DLS) નો સંપર્ક **0207 791 9800** પર કરી શકો છો અથવા advice@dls.org.uk પર ઈ મેલ કરી શકો છો.

- વર્કિંગ ફેમિલીઝ એ રાષ્ટ્રીય ચેરિટી છે જે માતાપિતા અને કેરરને મફત સલાહ પૂરી પાડે છે. તમે વધુ માહિતી માટે તેમની વેબસાઈટની મુલાકાત લઈ શકો, તેમની મફત હેલ્પલાઈન પર ઈ મેલ કરી શકો છો.

  advice@workingfamilies.org.uk (તેઓ પાંચ

કામકાજી દિવસમાં જવાબ આપવાનું ધ્યેય રાખે છે) અથવા **0300 012 0312** પર ટેલિફોન કરો (હાલમાં તે સોમવારે બપોરે 3 થી સાંજે 5, મંગળવાર અને ગુરુવાર બપોરે 12 થી બપોરે 2 સુધી ખુલ્લા છે)

- જો તમે કોઈ ટ્રેડ યુનિયનના સભ્ય છો, તો સલાહ માટે સીધો જ સંપર્ક કરી શકો છો.
- જો કોઈ ખાસ મુદ્દાને સંબંધિત દા.ત. ભેદભાવ, તે માટે તમને કોઈ વિશેષ નિષ્ણાત ટેલિફોન અથવા ઇમેઇલ સહકારની સેવાઓની જરૂર હોય તો નીચેની લિંક્સના વિભાગમાં તે મુદ્દાને શોધી શકો છો.

## સામસામે મળીને સલાહ

પાર્ટ-ટાઇમ કામદારો માટેના અધિકારોની સહાય મેળવવા માટે તમે કોઈની મુલાકાત ક્યાં લઈ શકો છો તે શોધવા માટે અમે લંડનમાં સલાહ કેંદ્રના નકશા બનાવ્યા છે. અમે સૂચિમાં તેમની વિગતો પણ આપી છે. તેમાંથી ઘણાં ટેલિફોન પર

અથવા ઇમેઇલ દ્વારા અને કેટલાંક ભાષાંતરની સેવાઓ આપે છે. જો તમારું સ્થાનિક કેંદ્ર ભાષાંતરની સેવા પૂરી પાડતું ના હોય તો, તમારા માટે કોઈ મિત્ર અથવા કુટુંબના સભ્યને ભાષાંતર કરવા માટે લાવવાથી તમને ખૂબ રાહત રહેશે.

તે યાદ રાખવું અગત્યનું છે કે કેટલીક જગ્યાઓ ફક્ત તમને જ સહાય કરી શકે છે:

- સામાન્ય સલાહ અથવા ફોર્મ ભરવા જેવી કેટલીક બાબતો સાથે
- જો તમે તેમની નજીક રહો છો અથવા કામ કરો છો (દા.ત. તમારે કદાચ સમાન બરોમાં રહેવું પડી શકે છે)
- જો તમે અમુક દેશો અથવા બેકગ્રાઉન્ડમાંથી આવ્યા છો (દા.ત. તમે પૂર્વીય અથવા મધ્ય યુરોપથી આવ્યા છો)
- જો તમે ખૂબ કમાણી નથી કરતાં અથવા પૈસા માટે સંઘર્ષ કરી રહ્યા છો
- જો તમે મુલાકાત માટે તેમને પહેલાં ટેલિફોન કર્યો હોય

તો મુલાકાત લેતા પહેલા અમારા કેન્દ્રોની સૂચિ પરની વિગતો તપાસી ખાતરી કરો જેથી તમને તમારી સમસ્યામાં મદદ મેળવવા માટે યોગ્ય સ્થાન મળે

## લંડનને કામકાજ કરવા માટેનું ઉત્તમ સ્થળ બનાવવાના મેયર શું કરી રહ્યા છે?

જ્યારે તેઓ ચૂંટાયા હતા ત્યારે મેયરે લંડનને સુંદર શહેર બનાવવાનું વચન આપ્યું હતું, અને આનો મોટો ભાગ એ ખાત્રી કરવાનો છે કે લંડનમાં કામ કરનાર દરેક વ્યક્તિ જેની માટે કામ કરે છે તે વ્યક્તિ તેમની સાથે સારી રીતે વર્તે છે.

મેયર લંડનના ઉદ્યોગો અને કંપનીઓને Good Work Standard (ગુડ વર્ક સ્ટાન્ડર્ડ) માં સાઇન અપ કરવા જણાવી રહ્યા છે જેનાથી તેમના માટે કામ કરતા લોકો સાથે યોગ્ય વ્યવહાર કરવાનું વચન આપે છે.

તેઓ એ પણ ઇચ્છે છે કે લંડનમાં કામ કરનારા દરેક વ્યક્તિએ તે જાણવું જોઈએ કે તેમના રોજગારના અધિકાર શું છે જેથી તેમની સાથે ખરાબ વર્તન કરવામાં આવે ત્યારે તેઓ કહી શકે. મેયર લોકોને જણાવવા માંગે છે કે જો તેમની સાથે અન્યાયી

વર્તન કરવામાં આવ્યું હોય તો, તેઓ આ વિશે કંઈક કરવા માટે મદદ અને સહકાર ક્યાંથી મેળવી શકે છે.

# કોરોનાવાઈરસ અને રોજગારના અધિકારો

જો કોરોનાવાઈરસને લીધે તમારા કામ અથવા આવક પર અસર થઈ હોય, તો રોજગારના તમારા અધિકારો વિશે જાણવાનું અગત્યનું છે. જો તમારે કામ પરથી સમયની છૂટ લેવી પડી હોય, તમારા કામના કલાકો ઘટાડવામાં આવ્યા હોય, અથવા તમે નોકરી ગુમાવી હોય, તો તમે કામ પરના અધિકારો માટે અથવા આમાંથી પસાર થવામાં મદદ કરી શકે તેવી બીજી સહાયતા મેળવવા માટે હકદાર બની શકો છો.

તમારા રોજગારના અધિકારોનો આધાર તમારી રોજગારની સ્થિતિ પર છે. તમે સૌથી પહેલાં **તમારા રોજગારની સ્થિતિ શું છે તે નક્કી** કરો તે અગત્યનું છે જેથી તમને શું અધિકારો છે તે તમે સમજી શકો.

આ દસ્તાવેજમાં આપેલ માહિતી 13મી મે 2020ના રોજ સાચી છે. અદ્યતન માહિતી માટે કૃપા કરીને સરકારની વેબસાઈટ જુઓ.

# કામ પર સલામત હોવા વિશે જો તમને ચિંતા હોય

સરકારની સલાહ છે જે તમારે ઘરેથી કામ કરવું જોઈએ, સિવાય કે તેમ કરવાનું અશક્ય હોય, અને તમે જેમના માટે કામ કરતાં હો તે વ્યક્તિએ તમે ઘરેથી કામ કરી શકો તે માટે તેમનાથી બને તેટલી મદદ કરવી જોઈએ.

જો તમારા માટે ઘરેથી કામ કરવાનું અશક્ય હોય - જેમ કે જો તમે બાંધકામ કે ઉત્પાદનના વ્યવસાયમાં કામ કરતાં હો –તો સરકાર તમને સક્રિયપણે કામ પર જવા પ્રોત્સાહિત કરે છે. તમે જેમના માટે કામ કરતાં હો તેમણે તમે કામ પર સલામત રહો તેની ખાતરી કરવા તેમનાથી બધું જ કરવું જોઈએ, જેમાં તમે બીજાં લોકોથી સામાજિક અંતર રાખી શકો તે માટેનાં પગલાં પણ તેમણે લેવાં જોઈએ. સરકારે **એમ્પ્લોયરો માટેની માર્ગદર્શિકા** બનાવી છે, જે તેમના માટે કામ કરતાં લોકોના રક્ષણમાં મદદ કરવા માટે અને તેમના કામના સ્થળને ‘કોવિડ-19 સુરક્ષિત’ બનાવવા માટે છે.

જો તમને કામ પર જવાનું કહેવામાં આવતું હોય, અને તમને લાગે કે તમે ઘરેથી કામ કરી શકો તેમ છો, અથવા તમને કામના સ્થળે રહેવામાં અસલામતી લાગતી હોય, અથવા તમે કોઈની સંભાળ રાખવાની જવાબદારી ઉપાડતાં હોવાને લીધે

તમારા સામાન્ય કામના કલાકોમાં કામ ન કરી શકતાં હો, તો તમે જેમના માટે કામ કરતાં હો તેમની સાથે વાત કરો તે અગત્યનું છે. તમારી ચિંતાઓ તેમણે સાંભળવી પડે. **જો તમને લાગતું હોય કે તમારા કામનું સ્થળ સલામત નથી તો તમે શું કરી શકો તે માટે TUCએ કેટલીક માર્ગદર્શિકા તૈયાર કરી છે.**

કેટલાંક લોકોને વાઈરસ ન લાગે તે માટે વધારાનાં પગલાં લેવા માટે**સરકાર દ્વારા સલાહ આપવામાં આવી છે**. આને શિલ્ડિંગ કહેવાય છે. જો તમે સરકારની સલાહ મુજબ શિલ્ડિંગ કરી રહ્યાં હો, અથવા શિલ્ડિંગ કરી રહેલી કોઈ વ્યક્તિની સાથે ઘરે રહેતાં હો, તો તમે જેમના માટે કામ કરતાં હો તેમણે તમને કામ પર આવવાનું ન કહેવું જોઈએ. લગભગ બધા જ કેસોમાં, તમે જેમના માટે કામ કરતાં હો તેમણે તમને હજુ પણ પગાર આપવો જોઈએ. **જો તમે બીમાર હો અથવા શિલ્ડિંગ કરી રહ્યાં હો તમે કયા પગાર માટે હકદાર છો** તે વિશેની અમારી માર્ગદર્શિકા જુઓ.

જો તમે ગર્ભવતિ હો, 70 વર્ષથી વધુ ઉંમરનાં હો, અથવા આરોગ્યની એવી કોઈ બીમારી હોય જેને ઈક્વોલિટી એક્ટ હેઠળ અસમર્થતા (ડિસેબિલિટી) માનવામાં આવતી હોય અને તમે જેમના માટે કામ કરતાં હો તેઓ જો તમને કામ પર આવવા માટે ગેરવાજબી રીતે દબાણ કરતાં હોય તો તે ગેરકાયદેસર ભેદભાવ થતો હોવાનું ગણી શકાય. **આના ઉપર ACAS દ્વારા કેટલીક માર્ગદર્શિકા આપવામાં આવી છે.**

કામ પર કંઈ ખરાબ થઈ રહ્યું હોય, દાખલા તરીકે તમારું કામનું સ્થળ જો અસલામત હોય તો તે વિશે તમે જેમના માટે કામ કરતાં હો તે વ્યક્તિને કે બીજા કોઈને તમારે જણાવવાની જરૂર છે. આને વ્હિસલ બ્લોઈંગ (whistleblowing) કહેવાય. જો તમે એમ કરો છો તો તમે જે વ્યક્તિ માટે તમે કામ કરો છો તે તમારી સાથે અયોગ્ય રીતે ન વર્તી શકે, બરતરફ કરી કે તમને કાઢી ન શકે. **વ્હિસલબ્લોઅર્સ માટે સંરક્ષણ વિશેની અમારી માર્ગદર્શિકા જુઓ.**

તમે જેને માટે કામ કરો છો તેઓ તમને ઈજા પહોંચાડીને કે ધમકી આપીને કામ કરવા દબાણ નહીં કરી શકે. જો તમે તેમના માટે કામ કરવા માંગતા ન હો તો તેમણે તમને રજા આપવી જ જોઇએ. આને આધુનિક ગુલામી કહેવાય. સરકારે **આધુનિક ગુલામી અને કોરોનાવાઈરસ ઉપર માર્ગદર્શિકા**, આપેલી છે, જેમાં જો તમે એમ્પ્લોયર સાથે રહેતાં ઘરનોકર અથવા કેર વર્કર હોય તો તેની સલાહનો સમાવેશ કરેલો છે. **જો તમે આધુનિક ગુલામીનો ભોગ બની રહ્યાં હો તો શું કરવું તે વિશેની અમારી માર્ગદર્શિકા જુઓ.**

# જો તમારે કોરોનાવાઈરસને કારણે કામ પરથી રજા લેવી પડે

જો તમે બીમાર હોવાને કારણે અથવા કોઈ બીમાર વ્યક્તિની સાથે રહેતાં હોવાને કારણે**તમને સ્વ-એકાંતમાં રહેવાની સરકાર દ્વારા સલાહ આપવામાં આવી હોય** અને તમે ઘરેથી કામ કરી શકો તેમ ન હોય, તો સરકારનું કહેવું છે કે મોટા ભાગના કેસોમાં તમને સિક પે (બીમારીનો પગાર) મળવો જોઈએ.

દરેક જણ સિક પે મેળવવા માટે હકદાર નથી. **તમે સિક પે મેળવવા માટે લાયક છો કે નહિ તે તપાસો.**

તમે પૂરતું કમાતાં નહિ હોવાને કારણે જો તમે સિક પે મેળવવા માટે હકદાર ન બનતાં હો, તો તમે કદાચ **યૂનિવર્સલ ક્રેડિટ સહિતના બેનિફિટો** માટે અરજી કરી શકો.

જો તમે શિલ્ડિંગ કરી રહ્યાં હો, અથવા શિલ્ડિંગ કરી રહેલી વ્યક્તિ સાથે એક ઘરમાં રહેતાં હો, તો તમે કદાચ સિક પે મેળવી શકશો. જો તમે જેમના માટે કામ કરતાં હો તે અને તમે બંને સંમત થાવ, તો તમારા એમ્પ્લોયર તમને કદાચ તેના બદલે 'ફરલો ઉપર' (furlough) મૂકી શકે અને તમને કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ (Coronavirus Job Retention Scheme) મારફતે પગાર ચૂકવી શકે. **તમે**

**કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ હેઠળ આવી શકો કે નહિ તે તપાસો.** તમે તમે જેમના માટે કામ કરો છો તેમની સાથે આની ચર્ચા કરી શકો. કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ ઓક્ટોબર 2020ના અંત સુધી ચાલશે અને તે જે રીતે કામ કરે છે તેમાં જુલાઈના અંત સુધી કોઈ ફેરફાર થશે નહિ. **અદ્યતન માહિતી માટે સરકારની વેબસાઈટ જુઓ.**

તમે સ્વ-રોજગારી (સેલ્ફ એમ્પ્લોઈડ) હોવાને કારણે સિક પે મેળવવા હકદાર ન બનતાં હો, તો તમે કદાચ સરકારની **સેલ્ફ-એમ્પ્લોઈડ ઈન્કમ સપોર્ટ સ્કીમ** માટે લાયક બની શકો. જો તમે કોઈ કંપની માટે કામ કરતાં હો, પણ તમારી સ્થિતિ સેલ્ફ-એમ્પ્લોઈડ રોજગાર તરીકેની હોય, તો તમે જેના માટે કામ કરતાં હો તે કંપનીની પોતાની સિક પે માટેની સ્કીમ હોય એવું બની શકે. તમારી કંપનીની સ્કીમ હેઠળ તમે કેટલા સમય સુધી સિક પેનો દાવો કરી શકો તેની ઉપર કદાચ મર્યાદા હોઈ શકે.

જો તમારી ઉપર ઈમિગ્રેશનની જાહેર ભંડોળમાંથી કોઈ સહાયતા નહિ મેળવવાની (નો રીકોર્સ ટુ પબ્લિક ફંડ) શરત મૂકાયેલી હોય, તો તમારા ઉપર સિક પે મેળવવાની અને સરકારની સેલ્ફ-એમ્પ્લોઈડ ઈન્કમ સપોર્ટ સ્કીમ મેળવવાનું કોઈ નિયંત્રણ નથી. જો તમારા પર જાહેર ભંડોળમાંથી કોઈ સહાયતા નહિ મેળવવાની સ્થિતિ હોય, તો તમારા હક્કો વિશે વધારે જાણકારી તમને **NRPF નેટવર્ક વેબસાઈટ** પરથી મળી શકશે.

જો તમે ગર્ભવતિ હો, તો તમારા પર વધારે જોખમ હોઈ શકે અને તમારે માત્ર આવશ્યક કારણોસર જ ઘરમાંથી બહાર નીકળવું જોઈએ. ગર્ભવતિ હો ત્યારે જો તમે સ્વ-એકાંતમાં રહેતાં હો તો તમારા રોજગારના અધિકારો વિશે માર્ગદર્શન મેળવવા માટે **મેટરનિટી એક્શન જુઓ**.

સરકારની સલાહ અનુસાર તમે સ્વ-એકાંતમાં રહેતાં હોવાને કારણે તમે કામ પરથી ગેરહાજર હો, તો મોટા ભાગના સંજોગોમાં તમે **NHS 111 ઓનલાઈન** પરથી 'આઈસોલેશન નોટ' મેળવી શકો છો. તમારે ડોક્ટર પાસે જવાની જરૂર નથી.

# જો કોરોનાવાઈરસને કારણે તમારે કામ ગુમાવવું પડ્યું હોય

કોરોનાવાઈરસ ફેલાતો અટકાવવા માટે કેટલાક વ્યવસાયો, જેમ કે પબો, રેસ્ટોરંટો તેમજ કેટલીક દુકાનો સહિતને બંધ રાખવાનું કહેવામાં આવ્યું છે, અને બીજાં નાણાંકીય હાડમારીનો સામનો કરી રહ્યાં છે. તમે જેમના માટે કામ કરતાં હો તે વ્યક્તિ પાસે જો તમને આપવા માટે પૂરતું કામ ન હોય, તો તેઓ તમને કામ પર આવવાની ના પાડે એવું બને.

જો તમે અને તમે જેમના માટે કામ કરતાં હો તે બંને મંજૂર થાવ, તો તમારા એમ્પ્લોયર કોરોનાવાઈરસને કારણે ધંધો ચલાવી શકે તેમ ન હોય અથવા તમને આપવા માટે તેમની

પાસે કામ ન હોય, તો તેઓ તમને પેરોલ પર રાખી શકે. આને 'ફરલો પર' રાખવામાં આવ્યા કહેવાય. તમે કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ હેઠળ આવી શકો કે નહિ તે તપાસો. કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ ઓક્ટોબર 2020ના અંત સુધી ચાલશે અને તે જેવી રીતે ચાલી રહી છે તેમાં જુલાઈના અંત સુધી કોઈ ફેરફાર થશે નહિ. અદ્યતન માહિતી માટે સરકારની વેબસાઈટ જુઓ.કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ હેઠળ તમારા અધિકારો વિશે TUC પાસે માર્ગદર્શન છે. જો તમારી પાસે કોઈ પ્રકારનો કોન્ટ્રાક્ટ હોય, દાખલા તરીકે જો તમે એજન્સી વર્કર હો અથવા તમે ઝીરો અવર્સ કોન્ટ્રાક્ટ પર હો તો તમને કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ હેઠળ આવરી શકાય છે.

જો તમે નોકરી ગુમાવી દીધી હોય, અને તમે કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ હેઠળ ન આવતાં હો તો તમે શું કરી શકો છો તે વિશે સિટિઝન્સ એડવાઈઝ પાસે કેટલુંક માર્ગદર્શન છે.

જો કોરોનાવાઈરસને કારણે તમારા કામના કલાકો અથવા પગાર ઘટાડી દેવામાં આવ્યા હોય તો જુઓ મની એડવાઈઝ સર્વિસ.

જો તમે સ્વ-રોજગારી હો અને કોરોનાવાઈરસને કારણે તમારો ધંધો ગુમાવ્યો હોય, તો તમે કદાચ સરકારની સેલ્ફ-એમ્પ્લોઈડ ઈન્કમ સપોર્ટ સ્કીમ માટે હકદાર હોઈ શકો.

જો તમને તમારી આવક અંગે ચિંતા હોય અને તાત્કાલિક પૈસાની જરૂરત હોય, તો તમે કદાચ **યૂનિવર્સલ ક્રેડિટ સહિતના બેનિફિટોનો** ક્લેઈમ કરી શકો. તમારી સ્થાનિક કાઉન્સિલ પાસે પણ તમારી મદદ માટે કદાચ નાણાંકીય સહાયની કોઈ યોજના હોઈ શકે.

જો તમારી ઉપર ઈમિગ્રેશનની જાહેર ભંડોળમાંથી કોઈ સહાયતા નહિ મેળવવાની (નો રીકોર્સ ટુ પબ્લિક ફંડ) શરત મૂકવામાં આવેલી હોય, તો તમે વેલફેર સહાયતા મેળવી શકો તે પહેલાં તમારે તેનું માર્ગદર્શન મેળવવું પડશે. આના વિશે વધારે માહિતી તમને **NRPF નેટવર્ક્સની હકીકતપત્રિકાઓ** માંથી મળી શકશે.

# જો તમે બાળકોની અથવા બીજાંની સંભાળ રાખતાં હો

સ્કૂલો અને નર્સરીઓ બંધ હોવાને પરિણામે, તમારે કદાચ બાળકોની અથવા બીજા સગાની સંભાળ રાખવાની જરૂર પડે અને તેથી કામ ન કરી શકો.

જો તમે કોઈના માટે કામ કરતાં હો અને તમને બાળકો હોય, તો તમે જેમના માટે કામ કરતાં હો તેમણે બાળકોનું ધ્યાન

રાખવા માટે તમને વગર પગારે કેટલીક રજા આપવી જ જોઈએ. આને વગર પગારે પેરેન્ટલ લીવ કહેવાય છે.

તમારે બાળકોનું ધ્યાન રાખવાનું હોવાને કારણે જો તમે કામ ન કરી શકો, તો તમે કદાચ કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ માટે લાયક બની શકો. આના વિશે તમે તમારા એમ્પ્લોયર સાથે ચર્ચા કરી શકો છો.

કામ કરતાં પરિવારોમાં બીજાં લોકોની સંભાળ રાખવા માટે કામ પરથી રજા લેવાના તમારા અધિકારો વિશે માર્ગદર્શન આપેલું છે.

## જો તમને વધારે સલાહ જોઈતી હોય

લંડનમાં મોટા ભાગનાં સલાહ કેન્દ્રો હવે રૂબરૂ મળીને સલાહ આપતાં નથી. કેટલાંક તમને ટેલિફોન પર અથવા ઈન્ટરનેટ મારફતે સલાહ આપી શકે છે. લંડનના સલાહ કેન્દ્રોનો ઈન્ટરએક્ટિવ નકશો અહીં આપેલ છે. સૂચિમાં તેમની વિગતો પણ અમે આપી છે. સલાહ કેન્દ્રો ટેલિફોન પર સલાહ આપે છે કે નહિ તેની વિગતો માટે દરેક કેન્દ્રની વેબસાઈટ જુઓ.

જો કામ પરની કોઈ સમસ્યા વિશે તમારે વાતચીત કરવી હોય તો ACAS હેલ્પલાઈનને 0300 123 1100 પર કોલ કરો.

યુ.કે.ની બહારથી આવેલાં લંડનવાસીઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલી સહાયતા પૂરી પાડે તેવી કેટલીક નિષ્ણાત સંસ્થાઓ છે. **યૂનાઈટેડ વોઈસીસ ઓફ ધ વર્લ્ડ**, **વર્ક રાઈટ્સ સેન્ટર**, **ઈસ્ટ યુરોપીયન રીસોર્સ સેન્ટર** અને **લેટિન અમેરિકન વિમેન્સ રાઈટ્સ સર્વિસ** ટેલિફોન પર જુદી જુદી ભાષાઓમાં સહાયતા પૂરી પાડી શકે છે. અમારી પાસે **યુ.કે.નાં નાગરિક ન હોય તેવાં લોકો માટે સહાય પૂરી પાડતાં પાનાં** પણ છે, જે વધારે સલાહ અને માર્ગદર્શન આપે છે.

જો કોવિડ-19ના રોગચાળાને કારણે તમારે કામ પરથી સમયની છૂટ લેવી પડી હોય અથવા તમારી આવક ઓછી થઈ ગઈ હોય, તો તે ખૂબ તણાવજનક બની શકે છે. તેના પરિણામે, તમારી ચિંતા વધી જાય, ઉદાસ થઈ જવાય કે ડિપ્રેશન થઈ જાય એવું બને. થ્રાઈવ લંડન મારફતે **સંસાધનો અને ટેકો** ઉપલબ્ધ છે, જે કદાચ મદદ કરી શકે.

જો કોવિડ-19ના રોગચાળા દરમ્યાન તમારી આવક ઘટી ગઈ હોય, તો તમે બજેટ ફોર્મ ભરી શકો છો. ચેરિટી મની એન્ડ મેન્ટલ હેલ્થ દ્વારા **એક ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે** જેમાં તમે તમારી બધી જ આવક અને જાવક નોંધી શકો છો જેથી ઘટેલી આવકથી તમને કેવી રીતે અસર થશે તે વધુ સારી રીતે સમજી શકાય.

કોરોનાવાઈરસ રોગચાળા દરમ્યાન માનસિક આરોગ્ય અને પૈસાને લગતી બાબતો વિશે તેમની પાસે વધારાની **સહાયતા અને માર્ગદર્શન** પણ ઉપલબ્ધ છે.

જો તમને તમારી આવકમાં થયેલા ફેરફારો સમજવામાં અને તેને પહોંચી વળવામાં વધારે મદદની જરૂર હોય, તો પોલિસી ઈન પ્રેક્ટિસ દ્વારા **અવારનવાર પૂછવામાં આવતા પ્રશ્નોની એક યાદી અને એક ઓનલાઈન ચેટરૂમ** તૈયાર કરવામાં આવ્યા છે.

TUCએ કોરોનાવાઈરસ અને કામને લગતી બાબતોને આવરી લેતા શ્રેણીબદ્ધ **વેબિનાર્સ** બનાવેલ છે.

## સમાન રીતે વ્યવહાર થાય છે

ઘણા બધા અધિકારો છે જે સુનિશ્ચિત કરે છે કે તમે જ્યાં કામ કરો છો ત્યાં તમારી સાથે સમાન રીતે વ્યવહાર થાય છે.

તે યાદ રાખવું અગત્યનું છે કે આમાંના કેટલાક અધિકારો ફક્ત ચોક્કસ રોજગારની સ્થિતિ ધરાવતા લોકોને જ લાગુ પડે છે (જેમ કે **કર્મચારીઓ**, અથવા એક **કામદાર**).

### સમાન સેવા

## ભેદભાવ અને હેરાનગતિ

તમે જેના માટે કામ કરો છો તે તમારી સાથે અલગ રીતે સેવા ન આપે શકે. કારણ કે:

- તમારી વય
- તમે વિકલાંગ છો
- તમે ટ્રૅન્સસેક્સ્યુઅલ છો
- તમે પરિણીત છો અથવા નાગરિક જીવનસાથી છે
- તમે ગર્ભવતી છો અથવા તમને તાજેતરમાં એક બાળક થયું છે અને તમે કામ પર ચડ્યા છો
- તમારી વંશીયતા, તમારો રંગ, રાષ્ટ્રીયતા અથવા સામુદાઈક/રાષ્ટ્રીય મૂળ
- તમારો ધર્મ, માન્યતા અથવા ધર્મ/માન્યતાનો અભાવ
- તમારી જાતિ
- તમારું જાતિય કેન્દ્રીયકરણ

જો તેઓ તેમ કરે તો તેઓ કાયદાનો ભંગ કરે છે. આને **discrimination (ભેદભાવ)** કહેવાય. ઉપરોક્તના અધારે તેઓ તમને અસ્વસ્થતાનો અનુભ, ધમકાવવું, નીચી પાયરીએ ઉતારવું અથવા તમારા માટે પ્રતિકૂળ વાતાવરણ ઊભું ન કરી શકે. આને **harassment (હેરાનગતિ)** કહેવાય.

આમાં **sexual harassment (જાતીય સતામણી)** સ્માવિષ્ટ છે, જેમાં કે કોઈપણ જાતીય વર્તન જે અસ્વસ્થતાનો અનુભવ કરાવે, અણસારા વાળું, હલકું અથવા તમારા માટે પ્રતિકૂળ વાતાવરણ ન ઊભું કરી શકે.

**કર્મચારીઓ** અને **કામદારો** ભેદભાવ અને હેરાનગતિથી સુરક્ષિત છે. જો તમે સ્વરોજગારવાળા છો તો તમારું પણ રક્ષણ થઈ શકે છે.

## મને લાગે છે કે મને ભેદભાવ અથવા હેરાનગતિ સાથે સમસ્યા હોઈ શકે છે

ભેદભાવ અને પજવણી વિશે વધુ વિગતવાર માહિતી છે આ [the Equality and Human Rights Commission (EHRC)] વેબસાઈટ પર છે.

સિટીઝન્સ એડવાઈઝ વેબસાઇટ પર એક a checker tool પણ છે જે તમને જો તમારી સાથે જુદી રીતે સેવા આપવામાં આવે તો તે સમજવામાં મદદ કરી શકે.

## જો તમે પાર્ટ-ટાઇમ કામ કરો છો તો તમારા અધિકારો

### પાર્ટ-ટાઇમ કામકાજ

મોટાભાગે તમે જેના માટે કામ કરો છો ત્યાં તમે પાર્ટ-ટાઇમ કામ કરતા હો તો પણ તેઓ તમને જુદા પ્રકારની સેવા આપી શકતા નથી. પૂર્ણ સમય માટે જેઓ કામ કરતા હોય તેમના જેવો જ અધિકાર તેમણે તમને આપવો જોઈએ.

પાર્ટ-ટાઇમ કામના અધિકારો માત્ર **કર્મચારીઓ** અને **કામદારો** માટે જ છે.

### મને લાગે છે કે મારી સાથે અલગ વર્તન કરવામાં આવી રહ્યું છે કારણ કે હું પાર્ટ-ટાઇમ કામ કરું છું:

સરકારની વેબસાઇટ પર પાર્ટ-ટાઇમ કામદારો માટેના અધિકારો વિશે વધુ માહિતી the government's website પર છે.

# કામ પર કંઇક ખોટું થયાની જાણ કરવી

## whistleblowers (વ્હિસલ બ્લોઅર્સ) માટે સંરક્ષણ

તમારે કદાચ જેને માટે તમે કામ કરો છો તેમને અથવા બીજા કોઈને કામ પર કંઈક ખોટું થયાની જાણ કરવી પડે જે ઘણાં લોકોને અથવા સામાન્ય જનતાને અસર કરી શકે છે. આને **whistleblowing (વ્હિસલ બ્લોઈંગ)** કહેવાય.
જો તમે એમ કરો છો તો તમે જે વ્યક્તિ માટે તમે કામ કરો છો તે તમારી સાથે અયોગ્ય રીતે ન વર્તી શકે, બરતરફ કરી કે તમને કાઢી ન શકે.

વ્હિસલ બ્લોઅર અધિકારો માત્ર **કાર્યકર્તા** અને **કામદારો** માટે જ છે.

## મને લાગે છે કે વ્હિસલ બ્લોઈંગ કારણે મારી સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું છે

વ્હિસલ બ્લોઅર્સ માટેનાં રક્ષણ વિશે વધુ માહિતી the Protect website પર છે. તેઓ એક ચેરિટી છે જે વ્હિસલ બ્લોઅર્સને ગુપ્ત મદદ અને સલાહ આપે છે.

# હિંસા, ધમકીઓ અથવા નિયંત્રત વર્તનથી રક્ષણ

## Modern Slavery (આધુનિક ગુલામી)

તમે જેને માટે કામ કરો છો તેઓ તમને ઈજા પહોંચાડીને કે ધમકી આપીને કામ કરવા દબાણ નહીં કરી શકે. જો તમે તેમના માટે કામ કરવા માંગતા ન હો તો તેમણે તમને રજા આપવી જ જોઇએ. તેઓ તેમ ના કરે કે તેઓ કદાચ કાયદાનો ભંગ કરે છે. આને **આધુનિક ગુલામી** કહેવાય.

આધુનિક ગુલામી એ ગુનાહિત ગુનો છે. આનો અર્થ એ કે **દરેક વ્યક્તિ સુરક્ષિત છે** પછી ભલે તેમની રોજગારની સ્થિતિ અથવા ઇમિગ્રેશનની સ્થિતિ શું છે તે મહત્વનું નથી.

## હું આધુનિક ગુલામીના સંકેતો કેવી રીતે શોધી શકું?

આધુનિક ગુલામીના સંકેતો વિશે વધુ માહિતી Modern Slavery Helpline website પર છે જે ચેરીટી ગુપ્તતા રાખીને ચલાવવામાં આવે છે.

વધુ માહિતી ઉપલબ્ધ છે the Metropolitan Police website પર પણ ઉપલબ્ધ છે.

## હું કેવી રીતે આધુનિક ગુલામીની જાણ કરી શકીશ?

જો તમને ચિંતા હોય કે તમે કે કોઈ વ્યક્તિ જેને તમે જાણો છો તે આધુનિક ગુલામીના ભોગ બન્યા છે તો તેની જાણ કરવાની ઘણી બધી રીતો છે:

- તમે સલાહ માટે આધુનિક ગુલામીની હેલ્પલાઈન 08000 121 700 પર ફોન કરી શકો છો. તમારે એમને તમારું નામ કહેવાની જરુર નથી. એ 24 કલાક અને 365 દિવસ માટે ખુલ્લા છે. તમને મદદ કે સલાહ મેળવવા માટે બીજા ક્યા રસ્તાઓ છે તેની વધુ માહિતી તમે the Modern Slavery Helpline website પર મેળવી શકશો:
- તમે આધુનિક ગુલામીનીની જાણકારી મેટ્રોપોલીટન પોલીસને 101 પર ફોન કરી અથ **તેમની ઓનલાઈન ફોર્મથી** જાણકારી આપી શકશો.
- જો તે તાજા ઉત્પાદનના ઉદ્યોગ સાથે સંબંધિત છે, તો the Gangmasters and Labour Abuse Authority નો સંપર્ક કરો.

- જો કોઈ કટોકટી છે અથવા ત્યાં કોઈ ગુનો થઈ રહ્યો છે તો **999** પર ફોન કરો.
- તમે અનામ રહીને આધુનિક ગુલામી વિશે ક્રાઈમ સ્ટોપર્સને **0800 555 111** પર કોલ કરી શકશો.

## Trade Union (ટ્રેડ યુનિયન)ના સભ્ય બનવું

### ટ્રેડ યુનિયનના સભ્ય બનવાનો અધિકાર

તમે જો તમે ટ્રેડ યુનિયનના સભ્ય છો અથવા જોડાવા માંગતા હોવ તો જેમના માટે કામ કરો છો તેઓ તમને જુદી રીતે સેવા ન આપી શકે. તમે કયા યુનિયનના સભ્ય છો તેનાથી પણ ફરક પડતો નથી.

ટ્રેડ યુનિયનમાં જોડાવાનો અધિકાર ફક્ત **કર્મચારીઓ**અને **કામદારો** માટે જ છે.

### Trade Unions ટ્રેડ યુનિયન શું છે?

Trade Unions ટ્રેડ યુનિયન એ કામદારોની બનેલી એક સંસ્થા છે જે તમે જે લોકો માટે કામ કરો છો તેઓ તમને

સમાન સેવાઓ આપે તેમ કરે. જો તમે કોઈ Trade Unions ટ્રેડ યુનિયનના સભ્ય બનો છો, તો તેઓ કામ પર તમને જો કોઈ સમસ્યા હોય તો મદદ કરી શકે છે. એ યાદ રાખવું અગત્યનું છે કે ટ્રેડ યુનિયનમાં જોડાયા પછી જે બને તેમાં જ તેઓ તમારી મદદ કરે છે જોડાયા પહેલાની સમસ્યામાં તેઓ મદદ કરી શકતા નથી.  જો તમે પૂરતું કમાતા નથી તો તમને ટ્રેડ યુનિયનમાં જોડાવામાં માટે ખૂબ પૈસા ભરવા નહીં પડે.

ટ્રેડ યુનિયન વિશે વધુ સામન્ય માહિતી the Trades Union Congress (TUC) website' પર છે.

જો તમને ટ્રેડ યુનિયનમાં જોડાવામાં રસ હોય તો યુનિયન શોધવા માટે આ the TUC's online tool વાપરવાનો પ્રયત્ન કરો.

## મને લાગે છે કે મારી સાથે અલગ વર્તન કરવામાં આવ્યું છે કારણ કે હું ટ્રેડ યુનિયનનો સભ્ય છું

ટ્રેડ યુનિયનમાં જોડાવાના અધિકારો વિશે વધુ માહિતી the government's website પર ઉપલબ્ધ.

## ન્યાયી અને સમાન રીતે સેવા મળી રહી છે તે જાણવા માટે નિષ્ણાંત સલાહ ક્યાંથી મેળવી શકીશ?

### ટેલિફોન ઉપર કે ઈ મેલથી

- જો તમને ભેદભાવ અથવા સતામણી બાબતે સલાહ જોઈતી હોય તો તમે એક્વેલીટી એડવાઈઝરી એન્ડ સપોર્ટ (EASS)ને **0808 800 0082** પર ટેલિફોન કરી શકો અથવા ટેક્ષફોન **0808 800 0084** પર.
- જો તમે બેનિફિટ અથવા ઓછી આવક પર છો અને ભેદભાવ વિશે જોઈતી હોય તો તમે કોમ્યુનિટી લીગલ એડવાઇઝને **0345 345 4345** પર ટેલિફોન કરી શકો છો.
- જો તમને લાગે કે તમારી સાથે અન્યાયી વર્તણૂંક કરવામાં આવી છે કારણ કે તમે અથવા તમારા સાથીને બાળક થયું છે અથવા દત્તક લીધું છે, તો તમે મેટરનિટી એક્શન **0808 802 0029** પર ટેલિફોન કરી શકો છો.
- જો તમે અક્ષમ છો અને તમારા રોજગાર અધિકારો વિશે સલાહ જોઈતી હોય તો તમે ડિસેબિલિટી લો

સર્વિસ (ડી.એલ.એસ.)(DLS) નો **0207 791 9800** પર સંપર્ક કરી શકો છો અથવા ઈમેલ advice@dls.org.uk.

- જો તમને વ્હિસલ બ્લોઅર્સ માટેના સંરક્ષણ વિશે સલાહ જોઈતી હોય, તો તમે charity Protect ચેરિટી પ્રોટેક્ટ **020 3117 2520** પર ટેલિફોન કરી શકો છો. તમારે એમને તમારું નામ કહેવાની જરુર નથી. તમે સલામતી વિશે વધુ જાણકારી on their website બીજી રીતે તેમનો સંપર્ક કરવાના રસ્તાઓ સાથે મળી શકશે.

- જો તમે કોઈ ટ્રેડ યુનિયનના સભ્ય છો, તો સલાહ માટે સીધો જ સંપર્ક કરી શકો છો.

- જો તમે સ્ત્રી છો અને જાતીય સતામણીના કાયદા વિશે સલાહ જોઈતી હોય, તો તમે  કામ પર થતાં મહિલાઓના જાતીય સતામણીના અધિકારો માટે **020 7490 0152** પર સંપર્ક કરી શકો છો.

## પગાર અને પેન્શન

એવા ઘણા બધા અધિકારો છે જે ખાતરી કરે છે કે તમારા એમ્પ્લોયર તમને તમે કરેલા કાર્ય માટે યોગ્ય રકમ ચૂકવે છે, અને તમારી નિવૃત્તિ માટે બચાવવા માટે તમને મદદ કરે છે.

એ યાદ રાખવું મહત્વનું છે કે આમાંના કેટલાક અધિકારો ફક્ત ચોક્કસ રોજગારની સ્થિતિ ધરાવતા લોકોને જ લાગુ પડે છે (જેમ કે **કર્મચારીઓ**, અથવા એક **કામદાર**).

## મને દર કલાકે કેટલો પગાર મળવો જોઈએ?

### The National Minimum Wage (રાષ્ટ્રીય ન્યુનતમ વેતન) અને The National Living Wage (રાષ્ટ્રીય જીવન વેતન)

સામાન્ય રીતે તમે જેના માટે કામ કરો છો તે કામ માટે તમને દર કલાકે અમુક રકમ ચૂકવવી આવશ્યક છે.

તમે કેટલું મેળવશો એ તમારી ઉંમર પ્રમાણે અલગ હોય છે. જો તમે 25 વર્ષથી થી નીચેના હોવ તો તે **National Minimum Wage (રાષ્ટ્રીય ન્યુનતમ વેતન)** કહેવાય છે. જો તમે 25 થી ઉપરના છો તો તેને **National Living Wage (રાષ્ટ્રીય જીવન વેતન)** કહેવાય છે.

આ રકમ સરકાર દ્વારા નક્કી થાય છે અને તેઓ દર એપ્રિલમાં તેને બદલે છે. **નવીનતમ દરો જુઓ.**

રાષ્ટ્રીય ન્યુનતમ વેતન અને રાષ્ટ્રીય જીવન વેતન એ માત્ર **કર્મચારીઓ** અને **કામદારો** માટે જ છે.

### મને લાગે છે કે મને ન્યુનતમ અથવા જીવન વેતન કરતાં ઓછું મળે છે.

આના વિશે સારી સલાહ અને જરૂરી સાધનો **My Pay London website** પર છે, એ તપાસવા માટે કે તમને યોગ્ય વેતન મળે છે કે કેમ. આ વેબસાઈટ લીગલ એક્શન ગ્રુપ ચેરીટી દ્વારા ચલાવવામાં આવે છે.

જો તમે ઇન્ટર્નશીપ કરી રહ્યા છો, તો તમને કેટલી ચૂકવણી કરવામાં આવે છે તે તમારી રોજગારની સ્થિતિ પર આધારિત છે. જો તમે ઇન્ટર્નશીપ કરતા હો તો તમને ક્યા અધિકારો છે તેની ઉપયોગી માહિતી the government's website પર છે.

## તમને યોગ્ય વેતન મળે છે તેની ખાત્રી કરવી

### Unlawful deductions (ગેરકાયદેસર કપાતો)

તમે જેને માટે કામ કરો છો તેને તમારા વેતનમાંથી કેટલીક વસ્તુઓ માટે જ પૈસા કાપવાની છૂટ છે, જેમ કે 'કરો' (ટેક્સીસ) અથવા જે ખર્ચ માટે તમે જ્યારે કામ શરૂ કર્યું અથવા જે ખર્ચ માટે તમે સહમત થયા હોય તે. તે તમારા કરારમાં હોવા જોઈએ ( જો હોય તો).

જો તેઓ બીજા કારણોસર પૈસા લેતા હોય અથવા તેઓ તમને ચૂકવણી ના કરે તો તેઓ કદાચ કાયદાનો ભંગ કરે છે.

આને **ગેરકાનૂની કપાતો**કહેવાય.

ગેરકાયદેસર કપાત સામે તમારું રક્ષણ કરવાના હકો માત્ર **કાર્યકર્તાઓ** અને **કામદારો** માટે જ છે.

### મને ગેરકાનૂની કપાતોની સમસ્યા છે

તમારા નોકરીદાતા તમારા પગારમાંથી શું લઈ શકે અથવા શું નહીં તેની જાણકારી the government's website પર છે.

તમને પગાર ચૂકવાય છે અથવા પગાર ચૂકવાય છે કે કેમ તે જાણવા માટે પણ કેટલીક ઉત્તમ સલાહ My Pay London website પર છે. આ વેબસાઈટ લીગલ એક્શન ગ્રુપ ચેરીટી દ્વારા ચલાવવામાં આવે છે.

## તમારી ચૂકવણી વિશેની લેખિત માહિતીનો અધિકાર

### Itemised payslips (બાબતવાર પેસ્લિપ) અથવા statements સ્ટેટમેન્ટ્સ

જો તમે આના માટે પૂછો તો જેના માટે કામ કરો છો તેમણે તમને લખી જ આપવું પડે કે તમને છેલ્લો પગાર ચૂકવાયા પછી તમે કેટલું કમાયા છો.

તેમણે એ પણ લખી આપવું પડે કે તમારા પગારમાંથી કેટલી કપાત કરી છે જેમ કે ટેક્ષ.

આને **આઇટેમાઇઝ્ડ પેસ્લિપ** અથવા **Itemised Pay Statement (આઇટેમાઇઝ્ડ પે સ્ટેટમેન્ટ)** કહેવાય.

એપ્રિલ 2019 થી પેસ્લિપમાં જ્યારે તમને અલગ રકમ ચૂકવાય છે એનો પણ સમાવેશ થવો જ જોઈએ, દા.ત. તમને ઓવરટાઈમ માટે વધૂ ચૂકવણી થઈ હોય.

તમારી ચૂકવણી વિશેની લેખિત માહિતીનો અધિકાર માત્ર ફક્ત **કર્મચારીઓ** અને **કામદારો** માટે જ છે.

### મને બાબતાવાર પેસ્લિપની સમસ્યા છે

પે સ્લિપ અને કઈ બાબતોનો સમાવેશ થયો હોવો જોઈએ તેના વિશે વધુ માહિતી the government's website પર ઉપલબ્ધ છે.

## નિવૃત્તિના ખર્ચમાં સહાય

### કાર્યસ્થળનું પેન્શન

તમે જેમના માટે કામ કરો છો તેઓ દરેક વખતે તમને પગાર ચૂકવાય ત્યારે કેટલુંક વેતન બાજુ પર રાખી શકે છે જેથી તમે જ્યારે કામ કરવા નું બંધ કરવા જેટલા વૃદ્ધ થાવ ત્યારે તમારી

પાસે જીવનનિર્વાહ માટે પૈસા હોય. આને **Workplace Pension (કાર્યસ્થળનું પેન્શન)** કહેવાય.

તમે જેમના માટે કામ કરો છો તેમણે મોટાભાગે જ્યારે તમને પગાર ચૂકવાય ત્યારે દરેક વખતે કેટલાંક વધારાના પૈસા તમારા પેન્શનમાં મૂકવા પડે છે.

તેમણે મોટાભાગે તમને કાર્યસ્થળનું પેન્શન આપવું પડે છે સિવાય કે તમે તેમ કરવાની ના કહો. આને **automatic enrolment (આપોઆપ નોંધણી)** કહેવાય.

કાર્યસ્થળનું પેન્શન **કર્મચારીઓ** અને **કામદારો** માટે જ છે.

## મને કાર્યસ્થળનું પેન્શનની સમસ્યા છે

કાર્યસ્થળનું પેન્શન વિશે ઘણી સારી સામાન્ય માહિતી the government's website પર છે.

જો તમને લાગે કે તમને કાર્યસ્થળના પેન્શનની સમસ્યા છે તો તેના વિશે તમે શું કરી શકો અને કોને કહેવાની જરૂર છે તેના

વિશે કેટલી સારી સલાહો Pensions Regulator website પર છે. તમે તમે જેમના માટે કામ કરો છો તેમને જાણ કરી શકો .

## હું પગાર અને પેન્શન વિશે નિષ્ણાત સલાહ ક્યાંથી મેળવી શકીશ?

### ટેલિફોન ઉપર કે ઈ મેલથી

- કાર્યસ્થળના પેન્શન વિશે સામાન્ય પ્રશ્નો માટે તમે સરકારની કાર્યસ્થળનું પેન્શન વિશેની માહિતીની લાઈન 0800 731 0372 પર કોલ કરી શકો છો. તે સોમવારથી શુક્રવાર સવારે 8 થી સાંજે 6 સુધી ખુલ્લું રહે છે. જો તમે બોલી કે સાંભળી શકતા ન હોવ તો તમે 18001 પછી 0800 731 0372 પર NGT ટેક્સ્ટ રિલે કરી શકો છો. તેમનો ટેક્સ્ટ ફોન નંબર 0800 731 0392 છે.

- જો તમને Automatic enrolment (આપોઆપ નોંધણી) વિશેની સમસ્યા હોય અથવા તમને કાર્યસ્થળની પેન્શન વિશે સલાહની જરૂર હોય તો તમે પેન્શન સલાહકાર સેવા 0800 011 3797 પર કોલ કરી શકો છો. તે સોમવારથી શુક્રવાર સવારે 9 થી સાંજે 5 સુધી ખુલ્લા રહે છે. તમે

તેમનો સંપર્ક બીજા રસ્તાઓ જેમકે વેબચેટ કે ટપાલ દ્વારા કરી શકો તેની માહિતી their website પર છે.

- તમારે કાર્યસ્થળનું પેન્શન લેવું કે નહીં તેના વિશે માહિતી અથવા સલાહ જોઈતી હોય તો તેના વિશે ઘણી સારી માહિતી the Money Advice Service website પર છે. સલાહના સાધનો અને કેલક્યુલેટર સાથે

## તમારી નોકરી ખોવી

એવા ઘણા અધિકારો છે કે તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તે તમને કાઢી મૂકે અથવા તમે છૂટા થઈ જાઓ છો ત્યારે તમારું રક્ષણ કરે છે.

. .

એ યાદ રાખવું મહત્વનું છે કે આમાંના કેટલાક અધિકારો ફક્ત ચોક્કસ રોજગારની સ્થિતિ ધરાવતા લોકોને જ લાગુ પડે છે (જેમ કે **કર્મચારીઓ**, અથવા એક **કામદાર**).

## અયોગ્ય રીતે બરતરફ કરવામાં આવે છે અથવા તમારી નોકરી છોડી દેવાની ફરજ પડે છે

### Unfair dismissal (અયોગ્ય બરતરફીથી) રક્ષણ

તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેઓ તમને બરતરફ કરે કે કાઢી મૂકે, તો તેમની પાસે યોગ્ય કારણ હોવું જોઈએ. જો નથી તો તેઓ કદાચ કાયદાનો ભંગ કરે કરે છે.

આને **અન્યાયી બરતરફી** કહેવાય.

તેઓ તમારી સાથે એટલું ખરાબ વર્તન પણ ના કરી શકે કે જ્યારે તમે ઇચ્છો નહીં ત્યારે તમને નોકરી છોડી દેવાની ફરજ પાડવામાં આવે.

આને **constructive dismissal (રચનાત્મક બરતરફી)** કહેવાય.

અન્યાયી બરતરફીથી રક્ષન એ માત્ર **કર્મચારીઓ** માટે જ છે.

## મને લાગે છે કે મને અન્યાયી રીતે બરતરફ કરવામાં આવેલ છે

તમને અન્યાયી રીતે બરતરફ કરવામાં આવેલ છે કે કેમ તે તમે તપાસી શકો છો following the steps on the Citizens Advice website.

## છૂટા પડો તો વધારે પૈસા તમને મળી શકે

### વૈધાનિક રીડન્ડન્સી પે

કેટલીકવાર તમે જેમના માટે કામ કરો છો તે વ્યક્તિને જો તેમના માટે કામ કરતા લોકોની સંખ્યા ઘટાડવાની જરૂર હોય તો તે તમને છોડી દેશે.

આને **being made redundant (રીડન્ડન્ટ કર્યા)** તેમ કહેવાય.

જો તમારી સાથે આમ બને છે, તો તમે જે વ્યક્તિ માટે કામ કર્યું છે તેના માટે તમે કેટલા સમય સુધી કામ કર્યું તેના આધારે તમને ચોક્કસ રકમ ચૂકવવી પડી શકે છે.

આને **Statutory Redundancy Pay (SRP) (વૈધાનિક રીડન્ડન્સી પે (SRP)).**

વૈધાનિક રીડન્ડન્સી પે માત્ર **કર્મચારીઓ** માટે છે. તે ફક્ત ત્યારે જ લાગુ પડે છે જો તમે તમારા એમ્પ્લોયર માટે બે વર્ષ કે તેથી વધુ સમય માટે કામ કર્યું હોય.

## મને લાગે છે કે મારી સાથે વૈધાનિક રીડન્ડન્સી પે વિશે સમસ્યા થઈ છે

વૈધાનિક રીડન્ડન્સી વિશે વધુ સામાન્ય માહિતી on the government's website પર છે.

જો તમને રીડન્ડન્ટ કરવામાં આવ્યા હોય તો અને તમારે જાણવું હોયા કે તમને કેટલા પૈસા મળી શકે, તો તમે તમે સરકારના redundancy pay calculator tool વાપરી શકો છો.

# નોકરીમાંથી કાઢી મુકાયા પછી અથવા નોકરીમાંથી છૂટા થયા પછી તમે કેટલો સમય કામ કરી શકો છો

## Statutory Notice Period (કાનૂની સૂચનાનો સમયગાળો) અને Statutory Redundancy (વૈધાનિક રીડન્ડન્સીની સૂચના)

જો તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેઓ તમને કાઢી મૂકે છે અથવા તમને છૂટા કરે છે, તો તમે વિદાય થાવ તે પહેલા તમને ચોક્કસ સમય આપવો પડે છે.

જો તમને છૂટા કરવામાં આવ્યા છે તો આને Statutory Notice Period **વૈધાનિક સૂચનાનો સમયગાળો** અથવા **Statutory Redundancy Notice (વૈધાનિક રીડન્ડન્સી સૂચના)** કહેવાય છે.

તમારી સૂચનાનો સમયગાળો કેટલો લાંબો છે તે તમે કેટલા સમયથી તમારી એ નોકરી પર છો તેના પર નિર્ભર છે.

જો તમારી પાસે કરાર હોય તો કોઈ જુદી સૂચનાના સમયગાળા માટે મંજૂર થયા છો. આને **Contractual Notice Period (કરારની સૂચનાનો સમયગાળો)** કહેવાય છે.

જો તમને કંઇક ખોટું કામ કરવા બદલ કાઢી મૂકવામાં આવેલ હોય તો તમારે તરત જ કામ છોડી દેવું જોઈએ. આને **gross misconduct (કુલ ગેરવર્તન)** કહેવાય છે.

સૂચનાના સમયગાળાનો આધિકાર માત્ર **કર્મચારીઓ** માટે છે.

## શું મને સૂચનાના સમયગાળા માટે ચૂકવણી થાય?

તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેમણે સામાન્ય રીતે તમારા નોટિસના સમયગાળા દરમિયાન તમને સંપૂર્ણ વેતન ચૂકવવું આવશ્યક છે.

કેટલીકવાર તેઓ તમને સીધા જ છોડવા માટે કહી શકે છે પરંતુ તમારા નોટિસના સમયગાળા દરમિયાન તમે જે વેતન મેળવ્યું હતું તેની તમને ચૂકવણી કરી શકે છે.

તેને નોટિસને બદલે ચૂકવણી કહેવામાં આવે છે.

### મને લાગે છે કે મને સૂચનાના સમયગાળા અથવા ચૂકવણી વિશે સમસ્યા છે

સૂચનાના સમયગાળા અને ચૂકવણી વિશે વધુ વિગતવાર માહિતી on the Citizens Advice website પર છે.

તમને યોગ્ય સૂચનાનો યોગ્ય સમયગાળો અને ચૂકવણી આપવામાં આવી છે કે નહીં તે તમે this tool on the MyPay London website વાપરીને ચકાસી શકો છો.

## તમે જે કંપની માટે કામ કરો છો તે જો લઈ લેવામાં આવે

## TUPE (Transfer of Undertakings (Protection of Employment)) TUPE (ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ રોજગારનું રક્ષણ)

જો તમે જે કંપની માટે કામ કરો છો તે કોઈ બીજા દ્વારા લઈ લેવામાં આવે તો તમારે સામાન્ય રીતે તમારી નોકરી સમાન નિયમો અને શરતો હેઠળ રાખવી જોઈએ. જો તમે તેમ નહીં કરો તો તમે કાયદાનો ભંગ કરો છો.

તમે કાયદાના રક્ષણ નીચે છો જેને **(ટ્રાન્સફર ઓફ અન્ડરટેકીંગ રોજગારનું રક્ષણ)** અથવા ટૂંકમાં **TUPE** કહેવાય છે.

એ કહેવું મુશ્કેલ છે કે ક્યારે તમે TUPE દ્વારા સુરક્ષિત છો. ઉદાહરણ તરીકે, જો તમારી પાસે કંપની પાસે પૈસા ન હોય તો તમારી કંપનીના નવા માલિકો તમને રિડન્ડન્ટ કરવા અથવા બરતરફ કરવા માટે સક્ષમ હશે.

તમારા પેન્શનનું શું થાય છે તે વિશે પણ તમે કયા પ્રકારનું કામ કરો છો તેના આધારે વિવિધ નિયમો છે (જો તમારી પાસે હોય તો).

TUPE હેઠળ સુરક્ષા ફક્ત કર્મચારીઓ માટે છે.

## મને લાગે છે કે TUPE હેઠળ મને મારા અધિકારો વિશે સમસ્યા છે

જ્યારે કંપની બીજા દ્વારા લઈ લેવામાં આવે ત્યારે તમારા અધિકારો વિશે information on the Worksmart website પર કેટલીક સારી સલાહો છે:

# પરિવાર અને માતા પિતા

એવા ઘણાં અધિકારો છે કે જ્યારે તમને અથવા તમારા જીવનસાથીને બાળક હોય અથવા બાળક દત્તક લો, ત્યારે તમારું રક્ષણ કરે છે.

એ યાદ રાખવું જરૂરી છે કે આમાંથી કેટલાંક અધિકારો માત્ર રોજગાર ચોક્કસ સ્થિતિ ધરાવતા લોકોને જ લાગુ પડે છે (જેમ કે **કર્મચારીઓ**, અથવા એક **કામદાર**).

## જ્યારે તમને બાળક તાય ત્યારે સમયની છૂટ લેવી અને પગાર

### મેટરનીટી લીવ અમે મેટરનીટી પે (સુવાવડ માટે રજા અને સુવાવડ માટે પગાર)

જો તમને બાળક થાય, તો તમે જેમના માટે કામ કરો છો તેમણે તમને ચોક્કસ સમયની છૂટ આપવી જોઈએ. આને **Statutory Maternity Leave (વૈધાનિક મેટરનીટી લીવ)** કહેવાય છે.

જ્યારે તમે કામ પર ન હોવ ત્યારે તેઓએ તમને ચોક્કસ રકમ ચૂકવવી જ જોઇએ. આને **Statutory Maternity Pay (વૈધાનિક મેટરનીટી પે)** કહેવાય છે.

વૈધાનિક મેટરનીટી લીવ માત્ર **કર્મચારીઓ** માટે જ છે.

Statutory Maternity Pay વૈધાનિક મેટરનીટી પે એ **બધા કર્મચારીઓ** અને **કેટલાક કામદારો** માટે છે કે જેઓ ચોક્કસ સમયથી કામ પર  છે અને ચોક્કસ માત્રામાં પૈસા મેળવે છે.

જો તમને મેટરનીટી પે ના મળે તો, કદાચ તમે બીજી કેટલીક નાણાંકીય સહાય સરકાર પાસેથી મેળવી શકો છો, જેમા કે મેટરનીટી એલાઉન્સ.

સરકાર પાસે વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે.

તેમની પાસે ઉપયોગી tool for calculating what you are entitled to પણ છે.

## જ્યારે તમારા સાથીને બાળક આવે ત્યારે સમયની છૂટ અને પગાર

## પિતૃત્વ રજાઓ અને પગાર

જો તમારા સાથીને બાળક આવે અથવા તમે સાથે બાળક દત્તક લો છો તો, તમે જેમના માટે કામ કરો છો તેમણે તમને ચોક્કસ સમયની છૂટ આપવી જોઈએ. આને **Statutory Paternity Leave (વૈધાનિક પિતૃત્વ રજા)** કહેવાય છે.

જ્યારે તમે કામ પર ન હોવ ત્યારે તેઓએ તમને ચોક્કસ રકમ ચૂકવવી જ જોઇએ. આને **Statutory Paternity Pay (વૈધાનિક પિતૃત્વ પગાર)** કહેવાય છે.

તમે તમારા સાથી જ્યારે તે ગર્ભવતી હોય ત્યારે ચેક અપ માટે સાથે જવા અવેતન સમયની છૂટ લઈ શકો છો.

વૈધાનિક પિતૃત્વ રજા એ માત્ર **કર્મચારીઓ** માટે જ છે.

વૈધાનિક પિતૃત્વ પગાર એ **બધા કર્મચારીઓ** અને **કેટલાક કામદારો** માટે છે કે જેઓ ચોક્કસ સમયથી કામ પર છે અને ચોક્કસ માત્રામાં પૈસા મેળવે છે.

સરકાર પાસે વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે છે.

તેમની પાસે ઉપયોગી tool for calculating what you are entitled to પણ છે.

## જ્યારે તમને બાળક થાય ત્યારે તમારા સાથીને સમયની છૂટ અને પગાર

### Shared Parental Leave (શેર્ડ પેરેન્ટલ લીવ) અને Shared Parental Pay (શેર્ડ પેરેન્ટલ પે)

જો તમારા સાથીને બાળક આવે અથવા તમે સાથે બાળક દત્તક લો છો તો કદાચ તમે ભાગીદારીમાં કેટલોક સમયની છૂટ મેળવી શકો છો. આને **શેર્ડ પેરેન્ટલ લીવ** કહેવાય છે.

તમે જેમને માટે કામ કરો છો તેઓએ જ્યારે તમે કામ પરથી સમય લો છો ત્યારે તમને કેટલીક રકમ ચૂકવવી જોઈએ. આને **Shared Parental Pay (શેર્ડ પેરેન્ટલ પે)** કહેવાય છે.

શેર્ડ પેરેન્ટલ લીવ એ **માત્ર કેટલાંક કર્મચારીઓ** અને શેર્ડ પેરેન્ટલ પે એ **કેટલાંક કર્મચારીઓ અને માત્ર કેટલાંક કામદારો માટે જ**.

એ કહેવું મુશ્કેલ છે કે કેટલી શેર્ડ પેરેન્ટલ લીવ અથવા કેટલો શેર્ડ પેરેન્ટલ પે તમે મેળવી શકો કારણ કે એ તમારા સાથીની રોજગારની સ્થિતિ અને તમે બંને કેટલું કમાવ છો તેના પર નિર્ભર છે.

સરકાર પાસે વધુ માહિતી વાળી વેબસાઈટ પર છે.

તેમની પાસે ઉપયોગી tool for calculating what you are entitled to (તમે કેટલું મેળવી શકો તે ગણવાના સાધનો) પણ છે.

## તમે અને તમારા સાથી દત્તક બાળક લેતા હો તો સમયની છૂટ મેળવવી અને પગાર

### Statutory Adoption Pay (વૈધાનિક દત્તક પગાર) અને Statutory Adoption Leave (વૈધાનિક દત્તક રજા)

તમે અને તમારા સાથી દત્તક બાળક લેતા હો તો તમે કદાચ કામપરથી કેટલોક સમયની છૂટ મેળવી શકો છો. આને **વૈધાનિક દત્તક રજા**કહેવાય છે.

તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તે તમારે કામની બહાર હોવા છતાં તમે ચોક્કસ રકમ ચૂકવવી જ જોઇએ. આને **વૈધાનિક દત્તક પગાર** કહેવાય છે.

તમારામાંથી માત્ર કોઈ એક જ દત્તક રજા કે પગાર માટે દાવો કરી શકો છો, પણ બીજા સાથીદાર કદાચ પેટરનીટી લીવ કે પગાર માટે દાવો કરી શકે.

તમે કદાચ શેર્ડ પેરેંટલ લીવ કે પે માટે પણ દાવો કરી શકો છો.

વૈધાનિક દત્તક રજા એ માત્ર  કર્મચારીઓ માટે જ છે.

વૈધાનિક દત્તક પે એ  **કર્મચારીઓ** અને **કામદારો**માટે છે કે જેઓ ચોક્કસ સમયથી કામ પર છે અને ચોક્કસ માત્રામાં પૈસા મેળવે છે.

સરકાર પાસે  વધુ માહિતી વાળી તેમની વેબસાઈટ પર છે.

તેમની પાસે ઉપયોગી  tool to help you plan your adoption leave (તમારી પેરેંટલ રજાઓની યોજના બનાવવામાં મદદગાર સાધનો)  પણ છે.

### હું પેરેંટ વિશેની નિષ્ણાંત સલાહ ક્યાંથી મેળવી શકીશ?

- 'મેટરનીટી એક્શન'એ રાષ્ટ્રીય સખાવતી સંસ્થા છે જે પ્રસૂતિ અને માતાપિતાના અધિકારો વિશે મફતમાં સલાહ પૂરી પાડે છે. તમે વધુ માહિતી માટે તેમની વેબસાઈટની મુલાકાત લઈ શકો અથવા તેમની લંડન મેટરનિટી રાઈટ્સ એડવાઈઝ (પ્રસૂતિના અધિકારોની સલાહ) લાઈન **0808 802 0057** પર કોલ કરી શકો છો. તેઓ સોમવાર, મંગળવાર, ગુરુવાર અને શુક્રવારે સવારે 10 થી બપોર 1 સુધી ખુલ્લા છે.

## કામ પરથી સમયની છૂટ લેવી

ઘણાં અધિકારો છે તેનો અર્થ કે જે વ્યક્તિ માટે તમે કામ કરો છો તેમણે તમને કેટલાંક ચોક્કસ સમયની છૂટ આપવી જોઈએ.

એ યાદ રાખવું મહત્વનું છે કે આમાંના કેટલાક અધિકારો ફક્ત ચોક્કસ રોજગારની સ્થિતિ ધરાવતા લોકોને જ લાગુ પડે છે (જેમ કે **કર્મચારીઓ**, અથવા એક **કામદાર**).

### જ્યારે તમે ખૂબ બિમાર હો ત્યારે કામપરથી સમયની છૂટ

## Statutory Sick Pay (સ્ટૅટ્યૂટરી સીક પે)

જો તમે થોડા દિવસોથી વધુ કામ પરથી સમયની છૂટ લો કારણ કે તમે ખૂબ બિમાર અથવા બિમાર છો, તો તમે જેમના માટે કામ કરો છો તેમણે દરા અઠવાડિએ ચોક્કસ પ્રમાણમાં પૈસા આપવા જોઈએ.

આને **સ્ટૅટ્યૂટરી સીક પે** કહે છે.

તેમણે તેમને ફક્ત અમુક સમય માટે તમને ચૂકવણી કરવી પડશે, પરંતુ જો તમારી પાસે કરાર હોય તો તમને વધુ અથવા વધુ સમય માટે ચૂકવણી કરવામાં આવી શકે છે.

સ્ટૅટ્યૂટરી સીક પે એ માત્ર **કર્મચારીઓ**, અથવા **કામદારો** માટે જ છે.

તમે સીટીઝ્ન અએડવાઈસની વેબસાઈટ પર **તમે સીક પે મેળવવા હકદાર છો કે નહીં તે ચકાસી શકો** .

## મને લાગે છે કે મને બિમારીની રજાઓ અથવા ચૂકવણીની સમસ્યા છે

તમને સીક પે ની સાચી ચૂકવણી થાય  છે કે કેમ તે તમે using this tool on the MyPay London website પર ચકાસી શકો છો.

# હોલીડે (રજા) માટે સમયની છૂટ અને ચૂકવણી

## Annual Leave or Statutory Leave Entitlement (વાર્ષિક રજા અથવા વૈધાનિક રજાના અધિકાર)

તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેમણે દર વર્ષે તમને અમુક ચોક્કસ દિવસોની છૂટ આપવી જ જોઇએ, અને તેઓએ તમને સામાન્ય તરીકે ચૂકવણી કરવી જ જોઇએ.

આને  **વાર્ષિક રજા**અથવા **વૈધાનિક રજાના અધિકાર** (કોઈક વખત **Holiday Entitlement (રજાના અધિકાર કહેવાય)**).

વૈધાનિક રજાના અધિકાર એ માત્ર **કર્મચારીઓ**,અને **કામદારો** માટે જ છે.

સરકાર પાસે વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે રજા ઉમેદવારી અને પગાર વિશે.

**મને લાગે છે કે મને મારી Annual Leave or Statutory Leave Entitlement વાર્ષિક રજાઓ અને રજાના પગારની ચૂકવણી સમસ્યા છે**

તમને રજાના પગારની સાચી ચૂકવણી થાય છે કે કેમ તે તમે using this tool on the MyPay London website વાપરીને ચકાસી શકો છો.

## કટોકટી વખતે કેટલા સમયની છૂટ લઈ શકાય

Time off for emergencies (કટોકટી વખતે સમયની છૂટ)

તમે જે વ્યક્તિ માટે કામ કરો છો તેમણે તમને કટોકટી વખતે સમયની છૂટ આપવી જ જોઇએ, તમારા પર નિર્ભર હોય તેમના સહિત (જેમ કે તમારો પરિવાર અથવા તમે જેમની સંભાળ લેતા હો તે).

આને **time off for emergencies (કટોકટી માટે સમયની છૂટ)** અથવા **time off for dependents (નિર્ભર હોય તેમના માટે સમયની છૂટ).**

તમે જેમના માટે કામ કરો છો તેઓ કદાચ તમને જ્યાં સુધી તમે ના આવતા હોય ત્યાં સુધી ચૂકવણી ચાલુ રાખે, પણ તેમણે આમ કરવું ના પડે.

કટોકટી માટે સમયની છૂટ માત્ર **કર્મચારીઓ** માટે જ છે.

કટોકટી માટે આરામના સમય **વિશે સરકાર તેમની વેબસાઇટ પર** વધુ વિગતવાર માહિતી ધરાવે છે.

## તમારે જો બાળકો હોય તો બિનપગારી સમયની છૂટ

## Unpaid parental leave (અવેતન પિતૃત્વ રજા)

જો તમને બાળકો છે, તો તમે જે વ્યક્તિ માટે કામ કરો છો, તમણે  તેમની દેખરેખ કેટલીક વેતના વગરની સમયની છૂટ આપવી જ જોઈએ.

તમે દરેક બાળક માટે જ્યાં સુધી તે 18 વરસનું થાય ત્યાં સુધી સમયની છૂટ મેળવી શકો છો, પણ તમે દરેક વરસમાં કેટલા સમયની છૂટ લઈ શકો તેની મર્યાદા છે.

અવેતન પિતૃત્વ રજાઓ માત્ર કર્મચારીઓ માટે જ છે. સરકાર પાસે **વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે** અવેતન પેરેંટલ રજા વિશે.

## કામના કલાકો અને શરતો

ઘણા અધિકારો છે જે ખાત્રી કરે છે કે તમે કામ પર સલામત છો અને તમારું કામ પરનું જીવન સંતુલિત અને તંદુરસ્ત છે.

એ યાદ રાખવું મહત્વનું છે કે આમાંના કેટલાક અધિકારો ફક્ત ચોક્કસ રોજગારની સ્થિતિ ધરાવતા લોકોને જ લાગુ પડે છે (જેમ કે **કર્મચારી**, અથવા એક **કામદાર** માટે જ છે.

## કામ પર પૂરત વિરામ લેવો

## વિરામ માટેનો સમય

તમે જેમના માટે કામ કરો છો તેમણે કામ પર તમને વિરામ આપવો જોઈએ.

તમારે કામ કરવાના દિવસો અને તમારા કામ કરવાના અઠવાડિયાની વચ્ચે પણ તમારે પૂરતો વિરામ કરવા દેવો જોઈએ.

આને rest breaks at work (કામ પર આરામ સમય), daily rest (રોજનો વિરામ) અને weekly rest (અઠવાડિક આરામ).

વિરામના સમયના અધિકારો માત્ર **કર્મચારીઓ** અને **કામદારો** માટે જ છે.

તમે કેટલા વરસના છો અને કયું કામ કરો છો તેના આધારે નિયમો કદાચ જુદા હોઈ શકે છે.

સરકાર પાસે વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે.

## કામ પર સલામત અને તંદુરસ્ત રહેવું

### તંદુરસ્તી અને સલામતી

તમે જેમના માટે કામ કરો છો તેમણે તમને એવું કંઈ કરવાનું ના કહી શકે જે તમારી તંદુરસ્તી માટે હાનિકારક હોય.
તેઓએ તમે જે જગ્યાએ કામ કરો છો તે સલામત છે તે વિશે તમારી સાથે અને બીજા માણસો સાથે વાત કરવી જ જોઈએ.

એને **health and safety at work (કામ પર તંદુરસ્તી અને સલામતી)** કહેવાય છે.
તંદુરસ્તી અને સલામતીને લગતા અધિકારો **કર્મચારીઓ** અને **કામદારો** છે.

તમે જો તમે **સ્વ રોજગારવાળા** છો તો પણ તમે જે કામ કરો છો અને ક્યાં કામ કરો છો તેના અધારે તમે સુરક્ષિત છો.

ધ હેલ્થ એન્ડ સેફ્ટી એક્ઝિક્યુટિવની (HSE) ને વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે .

## હું તંદુરસ્તી અને સલામતીની સમસ્યા વિશેન કેવી રીતે જાણકારી આપી શકીશ?

જો તમે સ્વાસ્થ્ય અને સલામતીની સમસ્યાનો જાતે સામનો કરવામાં અસમર્થ છો, તો તમે જેમની માટે કામ કરો છો તેમને જાણ કરી શકો છો.

તમારે કોને જાણ કરવાની છે તે તમે કયા પ્રકારનું કામ કરો છો અથવા તમે ક્યાં કામ કરો છો તેના પર નિર્ભર છે.

તમે કોને સમસ્યાની જાણ કરી શકો તે on the Health and Safety Executive website પર તમે શોધી શકો છો.

### જો કામ પર કોઈ અકસ્માત થાય તો હું શું કરું?

જો કામ પર કોઈ અકસ્માત થાય તો તમે શું કરી શકો તે વિશે કેટલીક સારી સલાહો the Citizens Advice website પર છે.

## ઘરે કામ કરવું અથવા કામના કલાકો બદલવા

### Right to request flexible working (મોકળાશવાળા કામની વિનંતીના અધિકારો)

તમે જેમની માટે કામ કરો છો તે વ્યક્તિને તમે જે રીતે કામ કરો છો તેમાં ફેરફાર કરવા માટે કહી શકો છો, જેમ કે તમને ઘરેથી

કામ કરવા દેવું અથવા તમે જે કામ કરો છો તેના કલાકોમાં ફેરફાર કરવો.

આને **મોકળાશવાળા કામની વિનંતીના અધિકારો** કહેવાય છે.

ફેરફાર ના કરવા માટે તેમણે યોગ્ય કારણ આપવું પડશે.

મોકળાશવાળા કામની વિનંતીના અધિકારો
માત્ર **કર્મચારીઓ** માટે છે.

મોકળાશવાળા કામ વિશે અને કેવી રીતે પૂછવું તે Citizens Advice સીટીઝન એડવાઈઝ પાસે વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે .

## તમારી પાસે કેટલા કલાક કામ કરાવી શકાય?

### Working time directive (વર્કિંગ ટાઇમ ડાયરેક્ટિવ)

તમે જેમના માટે કામ કરો છો તેઓ કદાચ તમારી પાસે અમુક અઠવાડિયાના અમુક કલાકોથી વધુ કામ ના કરાવી શકે.

આને **વર્કિંગ ટાઇમ ડાયરેક્ટિવ** અથવા **Working time regulations (વર્કિંગ ટાઇમ રેગ્યુલેશન)** કહેવાય.

વર્કિંગ ટાઇમ રેગ્યુલેશન **કર્મચારીઓ** અને **કામદારો** માટે છે.

કેટલાંક કામ માટે કદાચ તમારે વધુ કલાકો કામ કરવું પડે. સરકાર પાસે વધુ વિગતવાર માહિતી તેમની વેબસાઈટ પર છે.